<u>મે. વડોદરાના ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં, મુ. વડોદરા.</u>

ક્રીમીનલ કેસ નંબર-23977/2020

**<u>આંક-1 લગત હુકમ</u>**

આ કામના આરોપી વિરુધ્ધ તપાસ કરનાર અમલદારે તપાસના અંતે ભારતીય દંઇ સંહીતાની કલમ- 269 વિગેરે મુજબના ગુના સબબની ચાજસીટ રજુ કરેલ જે. ચાર્જશીટનુ સજ્ઞાન લઇ આરોપીને સમન્સ કાઢતા તેઓ આ અદાલત સમક્ષા હાજર થયેલ જે. આરોપીને પોલીસ પેર્પસ"ની નકલો પુરી પાડવામાં આવેલ જે. આરોપીએ પોલીસ પેપર્સ ની નકલોનો અભ્યાસ કયા" બાદ આરોપીએ પોતાને ગુનો કબુલ છે તેવુ જાહેર કરતી સ્વૈચ્છાએ પુરસીસ રજુ કરેલ જે.

આરોપીની ક્રી.પો.કો.ની કલમ-251 અન્વયે પ્લી નોધતા તેમાં પણા આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાાવેલ છે. આમ, આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક હોવાનુ જણાાઇ આવતુ હોવાથી તેની ગુના કબુલાત સ્વીકારી નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

- હુકમ -

આ કામના આરોપી શૈલેષ હરીભાઇ પટેલ રહે. દાડીયા બજાર વડોદરા ને ક્રી.પો.કોડની કલમ-252 અન્વયે આરોપીની ગુના કબુલાતના આધારે ભારતીય દંડ સંહીતાની કલમ- 269 મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

વડોદરા

તારીખ-10/07/2021 (ચોથા અડી ચીફ જયુ.મેજી)

સજા અંગે સાંભળ્યા, આરોપીએ પોતે અનિવાર્ય કારણાસર બહાર નિકળેલાનો અને પોતાને કોઇ ગુનો કરવાનો ઇરાદો ન હોવાનુ જણાાવેલ છે. આરોપીએ ભુલથી જાહેરનામાનો ભંગ કરેલ છે તેવુ આરોપીએ જણાાવેલ છે. આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ કરેલ હોવાથી કાયદામાં નિદિષ્ઠ પુરે પુરી સજા નહી પરંતુ આરોપીને તેઓની સામેના ગુનાઓનો પ્રકાર વિગેરે ધ્યાને રાખી આછામાં ઓછી સજાનો હુકમ કરવાનો યોગ્ય જણાાય છે અને સજા અંગે નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**- હુકમ -**

આ કામના આરોપી **શૈલેષ હરીભાઇ પટેલ રહે. દાડીયા બજાર વડોદરા** ભારતીય દંડ સંહીતાની કલમ - 269 ગુના સબબ **રુપીયા 100=00 અંકે સો રુપીયા પુરાનો દંડ**ની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો સદરહુ દંડની રકમ ભરવામા કસુર કરે તો તેને દિન-3ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

વડોદરા

તારીખ:૧૦/૦૭/૨૦૨૧ **(મુકેશકુમાર જયંતિલાલ બ્રહ્મભટ્ટ )**

સ્થળ: વડોદરા. **ચોથા એડી.ચીફ જયુડી.મેજી.**

**વડોદરા.**

**<u>CODE NO.GJ00754</u>**